# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં .૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર**

## જાહેરાત ક્રમાંકઃ ૨૧૨/૨૦૨૩૨૪

**(વેબસાઈટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

## ગૃપ–B મુખ્ય પરીક્ષાની Revised Final Answer Key (Re-FAK) બાબત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જાહેરાત ક્રમાંક: ૨૧૨/૨૦૨૩૨૪, ગુજરાત ગૌણ સેવા, વર્ગ–૩ (ગૃપ–A તથા ગૃપ–B) અંતર્ગત ગૃપ– B ની મુખ્ય પરીક્ષા તા. ૦૮/૦૬/૨૦૨૫ ના રોજ બપોરે ૧૫:૦૦ થી ૧૭:૦૦ કલાકે યોજાયેલ હતી.તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ **Provisional Answer Key (PAK)** પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જે સંદર્ભે ઉમેદવારો પાસેથી મળેલ ઓનલાઈન વાંધા સૂચનો ધ્યાને લઈ મંડળ દ્વારા તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ ગૃપ–B મુખ્ય પરીક્ષાની **Final Answer Key (FAK)**મંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. ત્યારબાદ પુનઃ ઉમેદવારો તરફથી વાંધાસૂચનો મળતાં ઉમેદવારોના હિતને ધ્યાને લઇ તેમજ વિષય નિષ્ણાંતોના અભિપ્રાય મુજબ **Final Answer Key (FAK)**માં સુધારા કરી મંડળ દ્વારા **Revised Final Answer Key (Re-FAK)** પ્રસિદ્ધ કરવામાં આવે છે.જે સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવા જણાવવામાં આવે છે. જે આ સાથે સામેલ છે.

**તારીખ: ૧૪–૦૭–૨૦૨૫**
**સ્થળ: ગાંધીનગર**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

| This Question Booklet Contains 32 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 32 છાપેલા પાનાં છે. |
|---|

પ્રશ્નપુસ્તિકા કોડ [redacted]

પ્રશ્નપુસ્તિકા નંબર

# CBM-2025

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| | | | |
|---|---|---|---|
| કુલ પ્રશ્નો | : 200 | Total Que. | : 200 |
| કુલ ગુણ | : 200 | Total Marks | : 200 |
| સમય | : 120 મિનિટ | Time | : 120 Minutes |

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

(01) આ પ્રશ્નપત્રમાં કુલ **200** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે **OMR** ઉત્તરપત્રમાં વિકલ્પ **E** આપેલ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

A) સરદાર પટેલ B) સુભાષચંદ્ર બોઝ

C) મહાત્મા ગાંધી D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "C" છે. આથી "C" નું વર્તુળ ઘાટું (encode) કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટુ કરવા બાબતની સૂચના **OMR** ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

(02) **1 થી 200 પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.**
ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(03) પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(04) ઉમેદવારે પોતાના બેઠક ક્રમાંકની પ્રશ્નપુસ્તિકા અને **OMR** ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્રમાંક સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે તેમજ બેઠક ક્રમાંક નીચે આપેલ વર્તુળ પણ ઘાટુ (encode) કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપુસ્તિકાનો કોડ નિયત જગ્યાએ લખીને તેની સાથે આપેલ વર્તુળ પણ ઘાટુ (encode) કરવાનું રહેશે. લખેલી વિગતો અને ઘાટુ (encode) કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

(05) દરેક પ્રશ્નના સાચા જવાબ શોધવા માટે પ્રશ્નની નીચે ચાર વિકલ્પ આપવામાં આવેલ છે. જે પૈકી ઉમેદવારે ખરા જવાબ ને પસંદ કરવાનો રહેશે. સાચા જવાબ દીઠ એક ગુણ આપવામાં આવશે અને કોઈ પ્રશ્ન રદ થવાના સંજોગોમાં તે પ્રશ્નના ગુણની પ્રો-રેટા મુજબ અન્ય પ્રશ્નો વચ્ચે વહેંચણી કરી તે મુજબ ગુણ આપવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ દીઠ, ખાલી છોડેલ જવાબ દીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબ દીઠ, **OMR** ની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબ દીઠ પ્રશ્નને ફાળવેલ ગુણના **1/4** ગુણની કપાત કરવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ **(E)** ઘાટું **(Encode)** કરશે તો **1/4** ગુણ કાપવામાં આવશે નહિં.

(06) પ્રશ્નપત્ર તથા **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(07) ઉત્તરપત્ર **(OMR SHEET)** માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(08) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(09) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

| **પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.** |
|---|

**001.** The engine warning light ________ for half an hour before we ________ the service station.

(A) had been flashing / reached. (B) flashed / have reached
(C) flashing / reached (D) flashes / having reached

**002.** His servant had ________ the money yesterday.

(A) stole (B) were stealing
(C) stolen (D) steal

**003.** They have discussed all the details of the project *(Change the voice)*

(A) All the projects have been discussed by them.
(B) The discussion of the project were done by them.
(C) All the projects have been detailed by them.
(D) All the details of the project have been discussed by them.

**004.** Who is creating this problem? *(Change the voice)*

(A) Who has created this problem?
(B) By whom has this problem been created?
(C) By whom is this problem being created?
(D) By whom this problem is being created?

**005.** The teacher told the students, "I will assess the answer sheets tomorrow." *(Change the narration)*

(A) The teacher told the students that he would assess the answer sheets the next day.
(B) The teacher told the students that he will assess the answer sheets the next day.
(C) The teacher told the students that he would be assessing the answer sheets the next day.
(D) The teacher told the students that he has assessed the answer sheets the next day.

**006.** He told her, "I want to meet your brother." *(Change the narration)*

(A) He told her to meet her brother.
(B) He told her to meet his brother.
(C) He told her that he wanted to meet her brother.
(D) He told her that he wanted to meet your brother.

**007.** He is taller than his elder brother. *(Transform from affirmative to negative)*

(A) He is not taller than his elder brother.
(B) His younger brother is not as tall as his elder brother. Cancelled
(C) He is as tall as his elder brother.
(D) The younger brother is taller than his elder brother.

008. A lot of financial transactions happen over ______ internet.

(A) no article
(B) a
(C) the
(D) an

009. ______ of the goals is achieved.

(A) No
(B) Neither
(C) Every
(D) Any

010. Please distribute these sweets ______ your classmates.

(A) with
(B) about
(C) amongst
(D) amidst

011. We are unable to send you the product at the moment, but we will send you the product ______ the new stock arrives.

(A) as soon as
(B) until
(C) while
(D) before

012. He has ______ given good performance.

(A) consistent
(B) consistently
(C) more consistent
(D) less consistent

013. ______ was the best presentation.

(A) Your
(B) Yours
(C) Yours'
(D) All of the above

014. Select the correct meaning of *'to have an axe to grind.'*

(A) To work day and night
(B) To work with no results
(C) Selfish aim or motive
(D) To generate interest

015. Choose the synonym of 'abundant'.

(A) scarce
(B) plenty
(C) poisonous
(D) involved

016. Choose the correct antonym of 'meek.'

(A) tame
(B) humble
(C) aggressive
(D) modest

017. Choose the correct one-word substitution of *'a collection of weapons and military equipment.'*

(A) Aviary
(B) Arsenal
(C) Chivalry
(D) Revelry

018. Choose the correct one-word substitution of *'a large building with an extensive floor area, typically for housing aircraft.'*

(A) Langer (B) Raft

(C) Hangar (D) Deck

019. He had taken the ________ caution of seeking legal advice. *(Select the correct prefix)*

(A) ac (B) mis

(C) pre (D) en

020. Please do not ________ the new water bottle at school.

(A) lose (B) losse

(C) loose (D) lost

021. નીચેના પૈકી કયો વિકલ્પ રૂઢિપ્રયોગ, ''ગોઠી જવું'' નો સાચો અર્થ છે?

(A) ગુસ્સે થઈ જવું

(B) ફાવટ આવવી

(C) હૃદયમાં દુ:ખ થવું

(D) માથે પડવું

022. નીચેના પૈકી કયો વિકલ્પ રૂઢિપ્રયોગ, ''આયુધારા વહેવી'' નો સાચો અર્થ છે?

(A) જીવતા રહેવું (B) રડવું

(C) ઉદારતા દાખવવી (D) સફળતા મળવી

023. નીચેના પૈકી કયો વિકલ્પ''છાણના દેવને કપાસિયાની આંખો'' કહેવતનો સાચો અર્થ છે?

(A) યોગ્યતા મુજબ સત્કાર કરવો

(B) વેર વાળવું અને દુશ્મનાવટ ચાલુ રાખવી

(C) ખરાબ વ્યક્તિની સોબત કરવી

(D) અંત:કરણ પવિત્ર રાખવું

024. નીચેના પૈકી કયો વિકલ્પ ''તાંબાની તોલડી તેર વાનાં માંગે'' કહેવતનો સાચો અર્થ છે?

(A) ગરીબ વ્યક્તિને તકલીફો અનેક

(B) દેવાદારને ત્યાં ઉઘરાણી કરનારા ઘણાં

(C) ઘરસંસાર માંડો ત્યારે ઘણી બધી ચીજવસ્તુઓ જોઈએ

(D) ઘરડા વ્યક્તિઓને સારવારની જરૂર વધારે પડે છે

025. 'તકસાધુ' કયો સમાસ છે?

(A) તત્પુરૂષ (B) કર્મધારય

(C) ઉપપદ (D) દ્વન્દ્વ

026. 'ત્રિકોણ' કયો સમાસ છે?

(A) દ્વન્દ્વ (B) કર્મધારય

(C) ઉપપદ (D) તત્પુરૂષ

027. "રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;
નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી". - કયો છંદ છે?

(A) માત્રામેળ (B) અનુષ્ટુપ

(C) શિખરિણી (D) મંદાક્રાન્તા

028. "હણોના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં" - કયો છંદ છે?

(A) મંદાક્રાન્તા (B) અનુષ્ટુપ

(C) માત્રામેળ (D) શિખરિણી

029. "શિયાળો ઈ શિયાળો" - કયો અલંકાર છે?

(A) સજીવારોપણ (B) અનન્વય

(C) શબ્દાનુપ્રાસ (D) શ્લેષ

030. "જોયું જે નકશામાં, જોયું તે ન કશામાં" - કયો અલંકાર છે?

(A) શબ્દાનુપ્રાસ (B) સજીવારોપણ

(C) શ્લેષ (D) અનન્વય

031. "પારકાના હિત માટે કાર્ય કરવું" - શબ્દસૂમહ માટે એક શબ્દ કયો છે?

(A) પરમાર્થ (B) સમદ્રષ્ટિ

(C) નિર્મળ (D) તાત્વિક

032. "મરણ પાછળ રોવું, કૂટવું" - શબ્દસમૂહ માટે એક શબ્દ કયો છે?

(A) બેસણું (B) કાણ

(C) પઘડી (D) દંતાલી

033. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે?

(A) અનૂજ (B) કૂપાત્ર

(C) નિરુત્તર (D) નિરંકૂશ

034. નીચેના પૈકી કયા વાક્યમાં લેખન/ભાષા શુધ્ધિ જોવા મળે છે? Cancelled

(A) કોઈપણ કાર્ય કરતી વખતે નાની મોટી વિડંબના તો આવવાની જ.

(B) પ્રકૃતિ તો ઈશ્વરનો ઉપાહાર છે.

(C) તેણે શિવલિંગને ફરતે પ્રદક્ષિણા કરી.

(D) શુભ કાર્યોમાં વડીલોની અનુજ્ઞા જરૂરી છે.

035. નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) પર્વતારોહક – પર્વત + આરોહક

(B) વાગ્બાણ – વાગ્ + બાણ

(C) દિગંત – દિગ્ + અંત

(D) નિર્વિવાદ – નીર્ + વિવાદ

036. નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?

(A) સૂ + ઊક્તિ – સૂક્તિ (B) પિતૃ + આજ્ઞા – પિત્રાજ્ઞા

(C) ગા + ઈક – ગાયક (D) ચિંતા + તુર – ચિંતાતુર

037. નીચેના પૈકી કયો ''જથરવથર'' નો સમાનાર્થી શબ્દ છે?

(A) ઘાતકી (B) વાચાળ

(C) મતલબ (D) અવ્યવસ્થિત

038. નીચેના પૈકી કયો ''ભાળવણી'' નો સમાનાર્થી શબ્દ છે?

(A) સેવા (B) ભેળવવું

(C) ભાળ રાખવા સોંપણી કરવી (D) ઉશ્કેરણી કરવી

039. નીચેના પૈકી કયો ''શ્રેષ્ઠ'' નો વિરુદ્ધાર્થી શબ્દ છે?

(A) અનન્ય (B) નૂતન

(C) નવચેતન (D) કનિષ્ઠ

**040.** નીચેના પૈકી કયો ''સુષુપ્તિ'' નો વિરુદ્ધાર્થી શબ્દ છે?

(A) જાગૃતિ
(B) ઈર્ષા
(C) વેરઝેર
(D) સમાધાન

Cancelled

**041.** ............ એ ભારતીય બંધારણનો 1948 માં પ્રારંભિક મુસદ્દો તૈયાર કર્યો હતો?

(A) રામ મનોહર લોહિયા
(B) રામ મનોહર સિન્હા
(C) શ્યામા પ્રસાદ મુખર્જી
(D) બેનિગલ નરસિંહ રાવ

**042.** ભારતીય બંધારણમાં નીચેના પૈકી કઈ બાબત કેનેડાના બંધારણમાંથી લેવામાં આવી નથી?

(A) સમવાયી તંત્ર
(B) કેન્દ્ર દ્વારા રાજ્યના રાજ્યપાલની નિમણૂંક
(C) સર્વોચ્ચ અદાલતની સલાહ આપવા લગત સત્તા
(D) રાજ્યસભામાં સભ્યોની નામનિયુક્તિ

**043.** નીચેના પૈકી કયા મૂળભૂત અધિકાર કટોકટી દરમ્યાન પણ સ્થગિત કરી શકાતા નથી?

(A) સમાનતાનો અધિકાર
(B) વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો અધિકાર
(C) જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યનો અધિકાર
(D) શાંતિપૂર્વક અને હથિયારો વગર એકઠા થવાનો અધિકાર

**044.** બંધારણમાં સુધારાનો ખરડો ............ રજૂ થઈ શકે છે.

(A) ફક્ત લોકસભામાં
(B) ફક્ત રાજ્યસભામાં
(C) સર્વોચ્ચ અદાલતમાં
(D) લોકસભા અથવા રાજ્યસભામાં

**045.** નીચેના પૈકી કઈ બાબતે સરકારિયા પંચની રચના કરવામાં આવી હતી?

(A) સંઘ અને રાજ્ય વચ્ચેના સંબંધો
(B) પંચાયતી રાજ
(C) ચૂંટણી સુધારા
(D) નાણા ક્ષેત્રના સુધારા

**046.** નીચેની પૈકી કઈ બાબતનો સમાવેશ ''સમવર્તી યાદી'' માં થાય છે?

(A) સમાચાર પત્રો, પુસ્તકો અને છાપખાના
(B) મત્સ્ય ક્ષેત્રો
(C) બજારો અને મેળા
(D) વીમો

047. સંસદના બે માંથી કોઈ ગૃહનો સભ્ય કોઈ ગેરલાયકાતને આધીન બન્યો છે કે કેમ તે સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્ન ........... ને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવશે.

(A) લોકસભાના અધ્યક્ષ
(B) રાષ્ટ્રપતિ
(C) ચૂંટણી આયોગ
(D) સર્વોચ્ચ અદાલત

048. અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવા માટે લોકસભાના કેટલા સભ્યોએ તેને સમર્થન આપવું જરૂરી છે?

(A) 25
(B) 35
(C) 40
(D) 50

049. બે અથવા વધારે રાજ્યો વચ્ચેની તકરારમાં નીચેની પૈકી કઈ અદાલતની હકૂમત રહેશે?

(A) જે રાજ્યોની તકરાર હોય તે રાજ્યો સિવાયના અન્ય રાજ્યની તટસ્થ વડી અદાલત
(B) જે રાજ્યોની તકરાર હોય તે રાજ્યો પૈકીની કોઈ પણ વડી અદાલત
(C) સર્વોચ્ચ અદાલત
(D) ખાસ નિયુક્ત કરવામાં આવેલ સંસદીય સમિતિ

050. વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ અનુક્રમે .......... અને .......... વર્ષની વયે નિવૃત્ત થાય છે.

(A) 62, 62
(B) 65, 65
(C) 62, 65
(D) 65, 62

051. ભારતમાં જાહેર હિતની અરજી ......... સાથે સંકળાયેલી છે.

(A) ન્યાયિક સક્રિયતા
(B) ન્યાયિક સમીક્ષા
(C) ન્યાયિક સ્વતંત્રતા
(D) પ્રતિબધ્ધ ન્યાયતંત્ર

052. નીચેના પૈકી કઈ બંધારણીય રિટ હેઠળ સર્વોચ્ચ અદાલત/વડી અદાલતને જો લાગે કે કોઈ વ્યક્તિ હોદ્દો ધરાવે છે, પરંતુ તે હોદ્દો રાખવા માટે હકદાર નથી તો કાર્યવાહી હાથ ધરી શકે છે?

(A) ઉત્પ્રેષણ (સર્ટીયોરરી)
(B) અધિકાર-પૃચ્છા (ક્વો વોરંટો)
(C) પ્રતિષેધ (પ્રોહિબિશન)
(D) બંદી પ્રત્યક્ષીકરણ (હેબિયસ કોરપસ)

053. ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષક (કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ) બાબતે નીચેના પૈકી કયું વિકલ્પ સાચું છે?

(A) તેઓ પોતાનો હોદ્દો ધરાવતા બંધ થયા હોય તે પછી, ભારત સરકાર હેઠળના અથવા તો કોઈ રાજ્ય સરકાર હેઠળના બીજા કોઈ હોદ્દા માટે પાત્ર ગણાશે નહીં.

(B) રાષ્ટ્રપતિ જ્યારે ઈચ્છે ત્યારે તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે.

(C) તેઓ હોદ્દા ઉપર વધુમાં વધુ 5 વર્ષ અથવા 62 વર્ષની વય - જે વહેલું હોય, તેટલા સમય સુધી રહી શકે છે.

(D) ઉપરોક્ત તમામ

054. ભારતના ચૂંટણી આયોગમાં મુખ્ય ચૂંટણી કમિશનર ઉપરાંત .......... ચૂંટણી કમિશનર હોય છે.

(A) 2 (B) 3

(C) 4 (D) 5

055. રાજ્યના એડવોકેટ જનરલની નિમણૂંક કોણ કરે છે?

(A) રાષ્ટ્રપતિ

(B) રાજ્યપાલ

(C) સર્વોચ્ચ અદાલત

(D) રાજ્યની વડી અદાલત

056. સંઘ લોકસેવા આયોગના સભ્ય પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી ......... વર્ષની મુદત સુધી અથવા .......... વર્ષની ઉંમરના થાય, એ બે માંથી જે વહેલું બને ત્યાં સુધી હોદ્દો ઉપર રહી શકે છે.

(A) 6, 65 (B) 6, 62

(C) 5, 65 (D) 5, 62

057. નીચેના પૈકી કઈ નિયમનકારી સંસ્થા છે?

(A) સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા

(B) ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા

(C) ભારતીય રિઝર્વ બેંક

(D) ઉપરોક્ત તમામ

058. ભારતીય વિધિ આયોગ નીચેના પૈકી કઈ સંસ્થા છે?

(A) અર્ધ - ન્યાયિક (B) વૈધાનિક

(C) કારોબારી (D) નિયમનકારી

059. રાષ્ટ્રીય ગ્રીન ટ્રિબ્યુનલ પાસે .......... હેઠળ અધિકારક્ષેત્ર નથી.

(A) વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972

(B) પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1974

(C) હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1981

(D) જૈવિક વિવિધતા અધિનિયમ, 2002

060. નીચેના પૈકી કયું ભારતીય રીઝર્વ બેંકનું કાર્ય નથી?

(A) ચલણ જારી કરવા

(B) જાહેર જનતાને લોન આપવી અને લોકો પાસેથી થાપણો સ્વીકારવી

(C) નાણાંકીય સ્થિરતા ટકાવી રાખવી

(D) દેશની ધિરાણ વ્યવસ્થા જાળવવી.

061. પંચાયતી રાજ બાબતે નીચેના પૈકી કઈ સમિતિઓનું ગઠન કરવામાં આવ્યું હતું?

(A) એલ.એમ. સિંઘવી સમિતિ (B) જી.વી.કે. રાવ સમિતિ

(C) બળવંતરાય મહેતા સમિતિ (D) ઉપરોક્ત તમામ

062. નીચેના પૈકી કયા રાજ્યમાં પંચાયતીરાજ વ્યવસ્થા જોવા મળતી નથી?

(A) મિઝોરમ (B) નાગાલેન્ડ

(C) અરૂણાચલ પ્રદેશ (D) ઉપરોક્ત તમામ

Cancelled

063. સ્થાનિક સરકારમાં મહિલાઓ માટે કેટલી બેઠકો આરક્ષિત રાખવામાં આવે છે?

(A) 1/4 (B) 1/3

(C) 2/3 (D) 1/2

064. જ્યારે કોઈ શહેર કે વિસ્તારની જનસંખ્યા ........... થી વધારે થઈ જાય ત્યારે સરકાર જાહેરનામું બહાર પાડી તે શહેર કે વિસ્તારને મહાનગરપાલિકા જાહેર કરી શકે છે?

(A) 3 લાખ (B) 5 લાખ

(C) 6 લાખ (D) 10 લાખ

065. "આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના" હેઠળ, ભારત સરકાર દ્વારા દર વર્ષે કુટુંબદીઠ .......... નું આરોગ્ય કવચ પ્રદાન કરવામાં આવે છે.

(A) રૂા. 3 લાખ
(B) રૂા. 5 લાખ
(C) રૂા. 7 લાખ
(D) રૂા. 1 લાખ

066. નીચેના પૈકી કયા વય જૂથના વ્યક્તિઓની પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ નોંધણી થઈ શકે છે?

(A) 16 થી 45 વર્ષ
(B) 16 થી 50 વર્ષ
(C) 18 થી 45 વર્ષ
(D) 18 થી 50 વર્ષ

067. મધ્યાહન ભોજન યોજના નીચેના પૈકી કયા મંત્રાલય હેઠળ આવે છે?

(A) શિક્ષણ
(B) મહિલા અને બાળ વિકાસ
(C) સામાજિક ન્યાય અને અધિકારિતા
(D) આરોગ્ય અને પરિવાર કલ્યાણ

068. ફિલ્મ નિર્માતાઓને આકર્ષવા માટે ગુજરાત રાજ્યના કયા વિભાગ દ્વારા 'સિનેમેટિક ટુરિઝમ પોલિસી 2022-2027' જાહેર કરવામાં આવી છે?

(A) રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ
(B) ઉદ્યોગ અને ખાણ વિભાગ
(C) નાણા વિભાગ
(D) મહેસૂલ વિભાગ

069. જાહેર માહિતી અધિકાર અધિનિયમ હેઠળ નીચેના પૈકી કોણ માહિતી મેળવી શકે છે?

(A) નાગરિક
(B) કંપની
(C) કોર્પોરેશન
(D) ઉપરોક્ત તમામ

070. જાહેર માહિતી અધિકાર અધિનિયમ, 2005 ની જોગવાઈઓ હેઠળ રાજ્યના મુખ્ય માહિતી કમિશનરની નિમણૂંક કોણ કરે છે?

(A) રાજ્યના મુખ્યમંત્રી
(B) રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ
(C) રાષ્ટ્રપતિ
(D) રાજ્યના રાજ્યપાલ

071. નીચેના પૈકી કયું પ્રાણી હડપ્પન સંસ્કૃતિના મહોર અને માટીકલા પર દર્શાવવામાં આવ્યું ન હતું?

(A) ગાય (B) વાઘ

(C) હાથી (D) ઉપરોક્ત તમામ

072. બૌધ્ધ ધર્મ સાહિત્યને .......... કહે છે.

(A) પ્રવચનસૂત્ર (B) ગણધર

(C) ત્રિપિટક (D) આગમ

073. ............ એ અપુત્રિકાધન એટલે કે અપુત્ર વિધવાનું ધન જપ્ત કરી લેવાનો ક્રૂર રિવાજ તજી રાજ્યની મોટી આવક જતી કરી.

(A) સિધ્ધરાજ જયસિંહ (B) કુમારપાલ

(C) ભીમદેવ પહેલો (D) ભીમદેવ બીજો

074. 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામના પરિણામે નીચેના પૈકી કયા ફેરફારો આવ્યા?

(A) કંપની શાસનનો અંત

(B) અંગ્રેજ સરકારે હિંદીઓને લાયકાતના ધોરણે ઊંચા હોદ્દા પર નિયુક્ત કરવાની પ્રથા શરૂ કરી.

(C) નવી ધારાસભામાં હિંદીઓને પ્રથમ વખત સ્થાન મળ્યું

(D) ઉપરોક્ત તમામ

075. ''વેદો તરફ પાછા ફરો'' - સૂત્ર કોણે આપ્યું?

(A) સ્વામી વિવેકાનંદ (B) રામકૃષ્ણ પરમહંસ

(C) સ્વામી દયાનંદ સરસ્વતી (D) રાજા રામમોહન રાય

076. સાયમન કમિશનનો વિરોધ કરતી વખતે પોલીસના લાઠીમારથી કોનું અવસાન થયું હતું?

(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) બાળ ગંગાધર ટિળક

(C) લાલા લજપત રાય (D) બિપિનચંદ્ર પાલ

077. લંડનમાં ''ઈન્ડિયન હોમરૂલ સોસાયટી'' ની સ્થાપના કોણે કરી હતી?

(A) શ્યામજીકૃષ્ણ વર્મા (B) સરદારસિંહ રાણા

(C) વીર સાવરકર (D) મદનલાલ ધીંગરા

078. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી?

(A) ખાદી
(B) અસ્પૃશ્યતા નિવારણ
(C) સહકારી ખેતી
(D) પ્રૌઢ શિક્ષણ

079. જૂનાગઢને વર્ષ ........... માં ભારત સાથે જોડી દેવામાં આવ્યું.

(A) 1947
(B) 1948
(C) 1949
(D) 1950

080. મહાગુજરાત આંદોલનની એક મહત્વની ઘટનામાં ........... ની જાહેરસભાના દિવસે અને સમયે ઈન્દુલાલ યાજ્ઞિકની સભામાં ઘણી મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા. આ ઘટનાથી સરકારને ગુજરાતના લોકમાનસનો વાસ્તવિક ખ્યાલ આવ્યો.

(A) મોરારજી દેસાઈ
(B) સરદાર પટેલ
(C) જવાહરલાલ નહેરુ
(D) રાજેન્દ્રપ્રસાદ

081. માતર ભવાનીની વાવ .......... ખાતે આવેલ છે.

(A) અસારવા, અમદાવાદ
(B) પાટણ
(C) સિધ્ધપુર
(D) વડનગર

082. ........... મંદિરોનું સંગીત હવેલી સંગીતના વિશિષ્ટ નામે ઓળખાય છે.

(A) શિવ
(B) ગાયત્રીમાતા
(C) વૈષ્ણવ
(D) શનિદેવ

083. માણેકઠારીનો મેળો ક્યા યોજાય છે?

(A) માધવપુર
(B) ડાકોર
(C) રૂપાલ
(D) શામળાજી

084. ........... એ ઉત્તર ગુજરાતના ખેડૂતોનો આગવો લોકઉત્સવ છે.

(A) ઈન્દ્રરાજાની છડી
(B) હળોતરાં
(C) મેઘરાજાની છડી
(D) બીજમાવડી

085. ભવાઈ જે વેશની રજુઆત કરવાની હોય તે ........... વેશથી શરૂ થાય છે.

(A) કાળિકા
(B) કાન-ગોપી
(C) રંગલા-રંગલી
(D) જસમા-ઓડણ

086. ભવાઈ પ્રકારને સાચવી રાખવાનો યશ 'ભવૈયા' - ભોજકને ફાળે જાય છે જેની વસ્તી ખાસ કરીને .......... માં છે.

(A) ઉત્તર ગુજરાત
(B) દક્ષિણ ગુજરાત
(C) ડાંગ
(D) સૌરાષ્ટ્ર

087. નીચેના પૈકી કઈ સાહિત્ય સંસ્થા ગુજરાતી સાહિત્યક્ષેત્રે દર વર્ષે રણજિતરામ સુવર્ણચંદ્રક પુરસ્કાર આપે છે?

(A) ગુજરાત વિદ્યાસભા
(B) ગુજરાત સાહિત્ય પરિષદ
(C) ગુજરાત સાહિત્ય અકાદમી
(D) ગુજરાત સાહિત્ય સભા

088. ગુજરાતના પ્રખ્યાત 'પતંગ ઉત્સવ'ની સંસ્કૃતિને ઉજાગર કરતું 'પતંગ સંગ્રહાલય' ક્યાં આવેલું છે?

(A) સુરત
(B) અમદાવાદ
(C) વડોદરા
(D) રાજકોટ

089. પારસીઓનું મુખ્ય તીર્થધામ ઉદવાડા કયા જિલ્લામાં આવેલું છે?

(A) નવસારી
(B) સુરત
(C) વલસાડ
(D) ભરૂચ

090. પોળોના જંગલો .......... નદીને કિનારે આવેલા છે.

(A) હરણાવ
(B) મહી
(C) નર્મદા
(D) બનાસ

091. .......... ગ્રહ સૂર્યમંડળનો સૌથી નાનો અને ઝડપી ગ્રહ છે.

(A) શુક્ર
(B) બુધ
(C) પૃથ્વી
(D) મંગળ

092. પૃથ્વીનો આંતરિક ભાગ .......... છે.

(A) ઘન (B) વાયુ

(C) પ્રવાહી (D) શુન્યાવકાશ

093. પૃથ્વીની સપાટીને વિંટળાઈને આવેલા વાતાવરણના પ્રથમ આવરણને ......... કહે છે.

(A) ઓઝોન આવરણ (B) ઉષ્માવરણ

(C) સમતાપ આવરણ (D) ક્ષોભ આવરણ

094. સમુદ્રતલના સૌથી ઊંડા ભાગોને ........... કહે છે.

(A) ગહન સમુદ્ર મેદાન (B) ખંડીય છાજલી

(C) સમુદ્ર ખાઈ (D) ખંડીય ઢાળ

095. મહી થી ઢાઢરના મુખપ્રદેશની વચ્ચે કિનારે 30 મીટર ઊંચી એવી કાંપથી રચાયેલી કરાડો ......... તરીકે ઓળખાય છે.

(A) સુવાલીની ટેકરીઓ (B) અલ્લાહ બંધ

(C) ખંભાતની ટેકરીઓ (D) ખારબંધ

096. પાણીયા અભ્યારણ ......... જિલ્લામાં આવેલું છે.

(A) સાબરકાંઠા (B) અમરેલી

(C) જૂનાગઢ (D) જામનગર

097. ગુજરાતના ........... જિલ્લામાં ફ્લોર્સ્પાર (ફ્લોરાઈટ) નો વિપુલ જથ્થો મળી આવ્યો છે.

(A) વલસાડ (B) જામનગર

(C) બનાસકાંઠા (D) છોટા ઉદેપુર

098. 2011 ની વસ્તીગણત્રીના આંકડાઓ મુજબ ગુજરાતમાં .......... જિલ્લો સૌથી ઓછી વસ્તી ગીચતા ધરાવે છે.

(A) ડાંગ (B) તાપી

(C) કચ્છ (D) ભરૂચ

099. 2011 ની વસ્તી ગણત્રીના આંકડાઓ મુજબ ........... જિલ્લામાં સ્ત્રી-પુરુષ પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું છે.

(A) ડાંગ (B) તાપી
(C) સુરત (D) અમદાવાદ

100. ગ્રેનાઈટ ખડક ........... પ્રકારના ખડકનું દૃષ્ટાંત છે.

(A) જળકૃત (B) આગ્નેય
(C) રૂપાતંરિત (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

101. ભારતમાં સ્વતંત્રતા પૂર્વે બ્રિટિશ શાસન દરમ્યાન કુલ આંતરિક પેદાશ (GDP) માં નીચેના પૈકી કયા ક્ષેત્રનો સૌથી મોટો ફાળો હતો?

(A) પ્રાથમિક ક્ષેત્ર (B) દ્વિતિય ક્ષેત્ર
(C) તૃતીય ક્ષેત્ર (D) ચતુર્થ ક્ષેત્ર

102. વર્ષ 1991 માં આર્થિક સુધારા લાવવા માટે નીચેના પૈકી કયા કારણો હતા?

(A) ખાડી યુધ્ધ (B) ચુકવણીનું નકારાત્મક સંતુલન
(C) રાજકોષીય ખાધમાં વધારો (D) ઉપરોક્ત તમામ

103. દેશમાં ખેત-ધિરાણ પર પૂરતું ધ્યાન આપવા માટે કૃષિ ક્ષેત્ર માટે દેશની મધ્યસ્થ બેંકના અંગ સમાન NABARD ની રચના .......... માં કરવામાં આવી.

(A) 1952 (B) 1969
(C) 1975 (D) 1982

104. નીચેના પૈકી કઈ સંસ્થા ડાંગર અને ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવની ભલામણ કરે છે?

(A) કમિશન ફોર એગ્રિકલ્ચરલ કોસ્ટ એન્ડ પ્રાઈસીસ (CACP)
(B) NABARD
(C) NITI આયોગ
(D) કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ

105. ભારતમાં સૌ પ્રથમ સ્ટીલ પ્લાન્ટ કયા સ્થાપવામાં આવ્યો હતો?

(A) બોકારો (B) જમશેદપુર
(C) ભદ્રાવતી (D) રાઉરકેલા

106. સ્વતંત્ર ભારતમાં પ્રથમ ઔદ્યોગિક નીતિ ક્યારે રજૂ કરવામાં આવી હતી?

(A) 1950 (B) 1951

(C) 1948 (D) 1949

107. ભારતમાં ''એક્સપ્રેસ વે' નું સંચાલન કઈ સંસ્થા કરે છે?

(A) જે તે રાજ્યનું માર્ગ અને મકાન વિભાગ

(B) નેશનલ એક્સપ્રેસ વે ફેડરેશન

(C) નેશનલ એક્સપ્રેસ વે ફાઉન્ડેશન

(D) નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા

108. કંડલા બંદર .......... બંદર તરીકે પણ ઓળખાય છે.

(A) મુન્દ્રા (B) ગાંધી

(C) દીનદયાળ (D) સરદાર પટેલ

109. RBI અન્ય બેંકો પાસેથી અત્યંત ટૂંકા સમયનું ધિરાણ લે તેના દરને શું કહેવાય?

(A) રેપો રેટ (B) બેંક રેટ

(C) રીવર્સ રેપો રેટ (D) ખુલ્લા બજારનો દર

110. ''જાહેર દેવું'' માં નીચેની પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે?

(A) વિદેશમાંથી ઉછીના લીધેલાં નાણાં

(B) દેશમાંથી ઉછીના લીધેલાં નાણાં

(C) ઉછીના લીધેલાં નાણાં ઉપરનું ચૂકવવાપાત્ર વ્યાજ

(D) ઉપરોક્ત તમામ

111. ભારતમાં પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ .......... વર્ષમાં અમલમાં આવેલ છે.

(A) 1982 (B) 1984

(C) 1986 (D) 1988

112. ગુજરાતમાં નીચેના પૈકી કયું / કયાં સ્થળ 'રામસર સાઈટ' તરીકે જાહેર થયેલા છે?

(A) ખીજડીયા પક્ષી અભ્યારણ (B) થોળ પક્ષી અભ્યારણ

(C) નળ સરોવર પક્ષી અભ્યારણ (D) ઉપરોક્ત તમામ

113. સંયુક્ત રાષ્ટ્રો પર્યાવરણ કાર્યક્રમ (UNEP) દ્વારા પર્યાવરણ લગત નીચેના પૈકી કયો પુરસ્કાર (એવોર્ડ) આપવામાં આવે છે?

(A) ચેમ્પિયન્સ ઓફ ધી અર્થ

(B) ધ ટોર્ચ બેરર્સ

(C) ધ એન્જલ્સ ઓફ ધી અર્થ

(D) ધ ફ્લાઈંગ ક્લાઉડ્સ

114. ભારતમાં નીચેના પૈકી કયું રાજ્ય સૌથી વધારે વન આવરણ ધરાવે છે?

(A) અરૂણાચલ પ્રદેશ (B) ગુજરાત

(C) પંજાબ (D) મધ્યપ્રદેશ

115. .......... મુખ્યત્વે ગુજરાતના 60 થી 120 સેમી. જેટલા મધ્યમ વરસાદવાળા પ્રદેશોમાં જોવા મળે છે.

(A) ભેજવાળા પાનખર જંગલો (B) સૂકાં પાનખર જંગલો

(C) સૂકાં ઝાંખરાંવાળા જંગલો (D) મેન્ગ્રુવ જંગલો

116. નીચેના પૈકી ગુજરાતના ક્યા જિલ્લાઓના સૂકાં ક્ષેત્રોમાં ઘુડખર જોવા મળે છે?

(A) સુરેન્દ્રનગર (B) પાટણ

(C) કચ્છ (D) ઉપરોક્ત તમામ

117. નીચેના પૈકી કઈ આપત્તિ જળવાયુ પરિવર્તનની અસરના કારણે જોવા મળે છે?

(A) ધરતીકંપ (B) જ્વાળામુખી

(C) સુનામી (D) ઉષ્ણકટિબંધીય ચક્રવાત

118. નીચેના પૈકી કયો વાયુ વૈશ્વિક તાપમાન વધારામાં મુખ્ય ભાગ ભજવે છે?

(A) કાર્બન ડાયોક્સાઈડ (B) કાર્બન મોનોક્સાઈડ

(C) સલ્ફર ડાયોક્સાઈડ (D) નાઈટ્રોજન ઓકસાઈડ

119. આપત્તિ વ્યવસ્થાપનમાં .......... નો સમાવેશ થાય છે.

(A) શમન (B) પુનર્નિર્માણ

(C) પુનર્વસવાટ (D) ઉપરોક્ત તમામ

120. સુનામી .......... થાય છે.
(A) ફક્ત દિવસ દરમ્યાન
(B) ફક્ત રાત્રિ દરમ્યાન
(C) ફક્ત મોડી સાંજે
(D) દિવસ કે રાત્રિના કોઈપણ સમયે

121. નીચેના પૈકી કયું સજીવ પરોપજીવી નથી?
(A) મચ્છર
(B) માખી
(C) માંકડ
(D) જળો

122. નીચેના પૈકી કયા અવયવમાં પાચકરસો ઉત્પન્ન થતા નથી?
(A) લાળ ગ્રંથિમાં
(B) જઠરમાં
(C) નાના આંતરડામાં
(D) મોટા આંતરડામાં

123. નીચેના પૈકી કોણ રેડિયમના શોધક છે?
(A) કે. મેકમિલન
(B) રેને લિનેક
(C) મેડમ ક્યૂરી
(D) રોન્ટજન

124. નીચેના પૈકી કયું ઉપકરણ વિદ્યુતપ્રવાહની ચુંબકીય અસર પર કાર્ય કરે છે?
(A) વિદ્યુત હીટર
(B) ઈલેક્ટ્રીક સગડી
(C) ઈલેક્ટ્રીક ઈસ્ત્રી
(D) વિદ્યુત ઘંટડી

125. ડો. સી.વી.રામનને નીચેની પૈકી કઈ શોધને લીધે નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો?
(A) ધ્વનિ કંપન
(B) પ્રકાશનું પ્રકીર્ણન
(C) ક્રેસ્કોગ્રાફની શોધ
(D) રંગસૂત્રોની ગોઠવણી

126. ............ હવામાંથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે.
(A) નાગ
(B) અસ્ત્ર
(C) નિર્ભય
(D) મૈત્રી

**127.** લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર – 'રૂદ્ર' .......... દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

(A) IAC - ઈન્ડિયન એરક્રાફ્ટ કંપની

(B) HAL - હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ

(C) ISRO - ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન

(D) DRDO - ડિફેન્સ એન્ડ રીસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન

**128.** ભારતે તેનું પ્રથમ ચંદ્ર મિશન – ચંદ્રયાન - I ક્યારે સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું?

(A) 2006 (B) 2008

(C) 2010 (D) 2012

**129.** ISRO દ્વારા જાહેર કરાયેલા ભારતના ચંદ્રયાન – 4 મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?

(A) ચંદ્રના ખડકો અને માટી એકત્ર કરી પૃથ્વી પર વૈજ્ઞાનિક પૃથ્થકરણ માટે લાવવા

(B) ચંદ્ર પર સંશોધન કેન્દ્ર સ્થાપવું

(C) ચંદ્ર પર પાણી બાબતે સંશોધન કરવું

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

**130.** ભારતે જાહેર કર્યું છે કે તે વર્ષ .......... સુધીમાં 'નેટ – ઝીરો' ઉત્સર્જન હાંસલ કરશે.

(A) 2030 (B) 2050

(C) 2060 (D) 2070

**131.** નીચેના પૈકી કયા મહાનુભાવને વર્ષ 2024 માં "ભારત રત્ન" પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો?

(A) વૈજયંતી માલા (B) વેંકૈયા નાયડુ

(C) એમ.એસ. સ્વામીનાથન્ (D) ચિરંજીવી

**132.** ડો. એ.પી.જે. અબ્દુલ કલામની જન્મ તારીખ .......... તરીકે ઉજવવામાં આવે છે.

(A) વિશ્વ વિદ્યાર્થી દિવસ

(B) રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

(C) વિશ્વ પર્યાવરણ દિવસ

(D) રાષ્ટ્રીય યુવા દિવસ

133. ભારત સરકાર દ્વારા જાહેર આરોગ્ય માળખાને મજબૂત કરવા માટે .......... માં મોબાઈલ હેલ્થ સર્વિસ - ''કિલકારી'' અને મોબાઈલ એકેડેમીની શરૂઆત કરવામાં આવી.

(A) બિહાર અને ઝારખંડ

(B) મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશ

(C) અરૂણાચલ પ્રદેશ અને મેઘાલય

(D) મહારાષ્ટ્ર અને ગુજરાત

134. રાષ્ટ્રીય પ્રવાસન દિવસ - 2024 નું વિષય-વસ્તુ (Theme) શું હતો?

(A) ''સસ્ટેનેબલ જર્નીઝ, ટાઈમલેસ મેમરીઝ''

(B) ''ટુરીઝમ ફોર ઓલ''

(C) ''વેલકમ ઈન્ડિયા''

(D) ''ડિવાઈઝન વર્લ્ડ ઓફ ઈન્ડિયા''

135. ભારતે નીચેના પૈકી કયા અખાતી દેશ સાથે મુક્ત વ્યાપાર સમજૂતી માટે વર્ષ 2023 માં વાતચીત શરૂ કરી છે?

(A) ઓમાન | (B) બેહરીન

(C) મસ્કત | (D) ઈરાક

136. નીચેના પૈકી કયા દેશમાં વર્ષ 2023 માં એશિયન ગેમ્સ યોજાઈ હતી?

(A) જાપાન | (B) દક્ષિણ કોરિયા

(C) ચીન | (D) સિંગાપુર

137. નીચેના પૈકી કઈ એરલાઈન્સ કંપનીએ, Space X સાથે સ્ટારલિંક વાઈ-ફાઈની સગવડતા ઉડ્ડયન દરમ્યાન દરેક મુસાફરને વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા માટેનો કરાર કર્યો છે?

(A) સિંગાપુર એરલાઈન્સ | (B) લુફથાન્સા

(C) કતાર એરવેઝ | (D) અમેરિકન એરલાઈન્સ

138. આંતરરાષ્ટ્રીય સંસ્થા BIMSTEC માં નીચેના પૈકી કયા દેશોનો સમાવેશ થાય છે?

(A) બ્રાઝીલ, ભારત, સિંગાપુર, મલેશિયા, થાઈલેન્ડ, નેપાલ અને શ્રીલંકા

(B) ભૂતાન, ભારત, બાંગ્લાદેશ, મ્યાનમાર, થાઈલેન્ડ, નેપાલ અને શ્રીલંકા

(C) ભૂતાન, ભારત, મલેશિયા, સિંગાપુર, થાઈલેન્ડ, ઈજિપ્ત અને ચીન

(D) બ્રાઝીલ, ઈરાન, મલેશિયા, સિંગાપુર, થાઈલેન્ડ, ઈજિપ્ત અને ચીન

139. હાલ ભારતની રાજ્યસભાના અધ્યક્ષ .......... છે.

(A) ઓમ બિરલા
(B) મલ્લિકાર્જુન ખડગે
(C) જગદીપ ધનખર
(D) સુમિત્રા મહાજન

140. ગર્ભપાત (Abortion) ને બંધારણીય અધિકાર આપનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે?

(A) ફ્રાન્સ
(B) જર્મની
(C) અમેરિકા
(D) આઈસલેન્ડ

141. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા 70માં નેશનલ ફિલ્મ એવોર્ડસ્માં નીચેના પૈકી કઈ ગુજરાતી ફિલ્મને સામાજિક અને પર્યાવરણીય મૂલ્યોને પ્રોત્સાહન આપતી કેટેગરીની શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો એવોર્ડ મળ્યો છે?

(A) કેવી રીતે જઈશ
(B) છેલ્લો દિવસ
(C) કમઠાણ
(D) કચ્છ એક્સપ્રેસ

142. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ 'UNNATI-2024' યોજનાનો પ્રાથમિક ઉદ્દેશ્ય શું છે?

(A) ભારતમાં સ્વરોજગારીને પ્રોત્સાહન આપવું
(B) ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં ઉદ્યોગોનો વિકાસ અને રોજગારીનું સર્જન કરવું
(C) ભારતમાં ઉચ્ચ શિક્ષણની આંતર માળખાકીય સવલતોમાં વધારો કરવો
(D) ઉત્તર-પૂર્વ પ્રદેશમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવું

143. ભારતની પ્રથમ બેટરી એનર્જી સ્ટોરેજ ગીગા ફેક્ટરીની સ્થાપના .......... માં થવા જઈ રહી છે.

(A) ગુજરાત
(B) મહારાષ્ટ્ર
(C) જમ્મુ અને કાશ્મીર
(D) મધ્યપ્રદેશ

144. નીચેના પૈકી કઈ બંધારણીય સંસ્થા દ્વારા cVIGIL એપ અથવા વિજિલન્ટ સિટીઝન એપ વિકસાવવામાં આવી છે?

(A) કેન્દ્રીય માહિતી આયોગ
(B) ભારતનું ચૂંટણી પંચ
(C) NITI આયોગ
(D) નાણા પંચ

145. .......... ની સંયુક્ત લશ્કરી કવાયત 'શક્તિ'ની 7મી આવૃત્તિ મેઘાલયમાં યોજાઈ હતી.
(A) ભારત - ફ્રાન્સ
(B) ભારત - યુ.એ.ઈ.
(C) ભારત - રશિયા
(D) ભારત -જર્મની

146. ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ સ્વ. કમલા બેનીવાલ .......... ના પ્રથમ મહિલા મંત્રી હતા.
(A) ગુજરાત
(B) હરિયાણા
(C) ઉત્તર પ્રદેશ
(D) રાજસ્થાન

147. નિવૃત્તિ જાહેર કરનાર પી.આર.શ્રીજેશ નીચેના પૈકી કઈ રમત સાથે સંકળાયેલા હતા?
(A) બેઝબોલ
(B) ક્રિકેટ
(C) હોકી
(D) ફૂટબોલ

148. નીચેની પૈકી કઈ યુનિવર્સિટીએ પંચકુલા ખાતે ફોરેન્સિક સાયન્સ તાલીમમાં 'સેન્ટર ઓફ એક્સેલન્સ'ની સ્થાપના માટે હરિયાણા સરકાર સાથે સહયોગ કર્યો છે?
(A) બનારસ હિંદુ યુનિવર્સિટી
(B) નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી
(C) ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી
(D) બેંગ્લોર નેશનલ લો યુનિવર્સિટી

149. ગૃહમંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ દેશની પ્રથમ ટોલ-ફ્રી-નાર્કોટિક્સ હેલ્પ લાઈનનું શું નામ છે?
(A) અવિરત
(B) સમન્વય
(C) માનસ
(D) કર્તવ્ય

150. સ્વપ્નિલ કુસલેએ પેરિસ ઓલિમ્પિક્સ 2024 માં નીચેના પૈકી કઈ રમત સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો?
(A) બેડમિન્ટન
(B) કુસ્તી
(C) શૂટિંગ
(D) વેઈટ લિફ્ટિંગ

151. ભારતના કયા મહાનુભાવને ફિજીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી' થી નવાજવામાં આવેલ છે?
(A) એસ. જયશંકર
(B) ઓમ બિરલા
(C) નરેન્દ્ર મોદી
(D) દ્રોપદી મુર્મુ

152. વિદેશમાં ભારતના પ્રથમ જન ઔષધિ કેન્દ્ર નીચેના પૈકી કયા દેશમાં ખુલ્યું છે?

(A) મોરેશિયસ (B) નેપાલ

(C) અમેરિકા (D) શ્રીલંકા

153. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા સબસિડીવાળા ઘઉંના લોટનું નામ શું છે?

(A) ભારત આટા (B) નાફેડ આટા

(C) નમો આટા (D) સરદાર આટા

154. પૈતોંગતાર્ન શિનાવાત્રા .......... ના વડાપ્રધાન બન્યા છે.

(A) ઈન્ડોનેશિયા (B) નેપાળ

(C) થાઈલેન્ડ (D) મ્યાનમાર

155. સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) ના સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ .......... દેશના છે.

(A) ફ્રાન્સ (B) જર્મની

(C) પોલેન્ડ (D) પોર્ટુગલ

156. અમેરિકા અને ભારતના ઔદ્યોગિક સંબંધોને વધુ મજબૂત બનાવવા ઈન્ડો- અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ (IACC) ના 'સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર MSME' નું .......... ખાતે ઉદ્ઘાટન થયું.

(A) સુરત (B) રાજકોટ

(C) અમદાવાદ (D) વડોદરા

157. હિંદ મહાસાગરમાં પાણીની અંદર આવેલી સંરચનાઓને નીચેના પૈકી કયા ત્રણ નામ આપવામાં આવ્યા છે?

(A) લાલ, બાલ અને પાલ (B) અશોક, ચંદ્રગુપ્ત અને કલ્પતરુ

(C) બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (D) સત્યમ્, શિવમ્ અને સુંદરમ્

158. ગુજરાત સરકારે .......... થી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા રસ્તાને હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવાની જાહેરાત કરેલ છે.

(A) વડોદરા (B) સુરત

(C) અમદાવાદ (D) ગાંધીનગર

159. 78માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી ગુજરાતમાં .......... ખાતે થઈ હતી.

(A) ગાંધીનગર (B) વડોદરા

(C) હિંમતનગર (D) નડિયાદ

160. ગુજરાત સરકારે ગત વર્ષે જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે N.F.S.A-2013 હેઠળ સમાવિષ્ટ કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્યતેલ – સિંગતેલ કાર્ડદીઠ 1 લિટર પાઉચ ......... પ્રતિ લિટરના રાહતદરે વિતરણ કરેલ.

(A) 50 રૂા. (B) 75 રૂા.

(C) 100 રૂા. (D) 125 રૂા.

161. A, B, C, D અને E એક પાટલી પર બેઠાં છે. A, B ની બાજુમાં બેઠો છે. C, D ની બાજુમાં બેઠો છે. D, E ની બાજુમાં નથી બેઠો. E પાટલીના ડાબા છેડે બેઠો છે. C નું સ્થાન જમણે બાજુથી બીજુ છે. A, B અને E ની જમણી બાજુ છે. A અને C સાથે બેઠા છે, તો A ક્યાં સ્થાને બેઠો છે?

(A) C અને D ની જમણી બાજુ (B) B અને C ની વચ્ચે


(C) E અને B ની ડાબી બાજુ (D) C અને D ની વચ્ચે

162. A, B કરતા ઊંચો છે. B, C કરતા નીચો છે. D, E કરતા ઊંચો છે પરંતુ C કરતા નીચો છે. C, A કરતા નીચો છે, તો સૌથી ઊંચું કોણ છે?

(A) A (B) B

(C) C (D) D

163. નીચેની આકૃતિમાં કેટલા ત્રિકોણ છે?



(A) 8 (B) 10

(C) 12 (D) 14

**164.** B, 25, D, 23, G, 19, K, _?_, P

(A) 11 (B) 12

(C) 13 (D) 14

**165.** 0, 3, −1, 4, −2, 5, _?_

(A) −3 (B) −2

(C) −1 (D) 0

**166.** 5, 10, 17, _?_, 37

(A) 23 (B) 24

(C) 25 (D) 26

**167.** 6, 11, 21, 36, 56, _?_.

(A) 42 (B) 51

(C) 81 (D) 91

**168.** જો '–' નો અર્થ ગુણાકાર, ' ×' નો અર્થ સરવાળો, '÷' નો અર્થ બાદબાકી અને '+' નો અર્થ ભાગાકાર હોય તો નીચેની પદાવલીનું મૂલ્ય શોધો.

$8 - 3 \div 16 \times 36 + 6$

(A) 10 (B) 12

(C) 14 (D) 16

**169.** A અને B ભાઈઓ છે, C અને D બહેનો છે, A નો દિકરો D નો ભાઈ છે, તો B, C નો શું થાય?

(A) પિતા (B) ભાઈ

(C) કાકા (D) દાદા

**170.** A, C નો દિકરો છે જ્યારે C અને Q બહેનો છે. Z, Q ની માતા છે. જો P, Z નો દિકરો હોય તો નીચેના પૈકી કયુ વિધાન સાચું છે?

(A) Q, A ના દાદા છે (B) P, A ના મામા છે

(C) P, A નો પિતરાઈ ભાઈ છે (D) Z, C નો ભાઈ છે

171. એક વ્યક્તિની તસ્વીર બતાવતા P બોલ્યો, ''આમના પિતા મારી માતાના એક માત્ર દિકરા છે'', એ તસ્વીર કોની છે?

(A) P ની પોતાની

(B) P ના ભાઈની

(C) P ના પિતાની

(D) P ના દિકરાની

172. એક વ્યક્તિની તસ્વીર જોઈ M બોલ્યો, ''આમના માતા મારા પિતાના દિકરાની પત્ની છે. મારે કોઈ ભાઈ-બહેન નથી.'' એ તસ્વીર કોની છે?

(A) M ના દિકરાની

(B) M ના પિતરાઈ ભાઈની

(C) M ના ભત્રીજાની

(D) M ના કાકાની

173. જો 1 જાન્યુઆરી, 2004 ના રોજ ગુરૂવાર હોય તો 3 એપ્રિલ, 2004 ના રોજ કયો વાર હશે?

(A) ગુરૂવાર

(B) શુક્રવાર

(C) શનિવાર

(D) રવિવાર

174. જ્યારે ઘડિયાળમાં 2 વાગ્યાનો સમય થાય ત્યારે કલાકના કાંટા અને મિનિટના કાંટા વચ્ચેનો કોણ .......... નો બનશે.

(A) 30°

(B) 60°

(C) 45°

(D) 90°

175. દર 3 વર્ષના અંતરે જન્મેલ 5 બાળકોની કુલ ઉંમરનો સરવાળો 50 વર્ષ છે. સૌથી નાના બાળકની ઉંમર કેટલી હશે?

(A) 4 વર્ષ

(B) 8 વર્ષ

(C) 10 વર્ષ

(D) 12 વર્ષ

176. A, B કરતાં 2 વર્ષ મોટો છે. B, C કરતાં બમણી ઉંમરનો છે. જો A, B અને C ની કુલ ઉંમર 27 વર્ષ હોય તો B ની ઉંમર કેટલી હશે?

(A) 7 વર્ષ

(B) 8 વર્ષ

(C) 9 વર્ષ

(D) 10 વર્ષ

**177.** 7896 માં 9 ની સ્થાનકિંમત અને 9 ની સ્થુળકિંમત વચ્ચેનો તફાવત ......... થશે.

(A) 81 (B) 781

(C) 881 (D) 981

**178.** 8167 માં 8 અને 7 ની સ્થાનકિંમત વચ્ચેનો તફાવત શોધો.

(A) 93 (B) 993

(C) 7993 (D) 8167

**179.** 3693 માં 6 અને 9 ની સ્થુળકિંમતનો સરવાળો .......... થશે.

(A) 3 (B) 15

(C) 150 (D) 300

**180.** 6894 માં 6 અને 4 ની સ્થાનકિંમતનો સરવાળો શોધો.

(A) 64 (B) 10

(C) 6004 (D) 6064

***નીચે આપેલ માહિતીનું યોગ્ય અર્થઘટન અને વિશ્લેષણ કરી તેને આધારિત પ્રશ્ન ક્રમાંક 181 અને 182 ના જવાબ આપો.**

અંગ્રેજી અને હિન્દી ભાષાના પાઠ્યપુસ્તકોનું વેચાણ વર્ષ 2020, 2021 2022 અને 2023 માં નીચે મુજબ થયું છે.

| વર્ષ | 2020 | 2021 | 2022 | 2023 |
|---|---|---|---|---|
| અંગ્રેજી | 350 | 400 | 460 | 620 |
| હિન્દી | 500 | 525 | 600 | 650 |

**181.** કયા વર્ષે બંને પુસ્તકો વચ્ચેનો વેચાણનો તફાવત સૌથી ઓછો હતો?

(A) 2020 (B) 2021

(C) 2022 (D) 2023

**182.** કયા વર્ષે બંને પુસ્તકો વચ્ચેનો વેચાણનો તફાવત સૌથી વધુ હતો?

(A) 2020 (B) 2021

(C) 2022 (D) 2023

**183.** 30 એક સરખી દેખાતી ચબરખીઓ પર 1 થી 30 સંખ્યા લખીને એક પેટીમા મૂકેલ છે. તે પેટીમાંથી યાદચ્છિક રીતે એક ચબરખી ખેંચવામાં આવે તો તે ચબરખી પરની સંખ્યા 3 વડે વિભાજ્ય ન હોય તેની સંભાવના શોધો.

(A) 1/3 (B) 2/3

(C) 1/4 (D) 1/2

**184.** A અને B બંને બે સમતોલ પાસા ફેંકે છે, A ને બે પાસા પરના અંકોનો સરવાળો 9 મળે છે, B ને પાસા પર મળતા અંકોનો સરવાળો 9 કરતાં અધિક હોય તેની સંભાવના શોધો.

(A) 1/2 (B) 1/3

(C) 1/6 (D) 1/8

**185.** ચડતા ક્રમે ગોઠવેલ અવલોકનો 6, 7, $x-2$, $x$, 17 અને 20 નો મધ્યક 16 હોય તો $x$ = .......... થશે.

Cancelled

(A) 15 (B) 16

(C) 17 (D) 18

**186.** જો કોઈ માહિતીના મધ્યક અને બહુલક અનુક્રમે 4 અને 10 હોય તો તેનો મધ્યસ્થ .......... થશે.

(A) 1.5 (B) 5.3

(C) 16 (D) 6

**187.** નીચે આપેલ આવૃત્તિ-વિતરણનો મધ્યસ્થ વર્ગ .......... છે.

| વર્ગ | 10-20 | 20-30 | 30-40 | 40-50 | 50-60 |
|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 12 | 18 | 25 | 15 | 10 |

(A) 10-20 (B) 20-30

(C) 30-40 (D) 40-50

**188.** એક બોલર દ્વારા 10 ક્રિકેટ-મેચોમાં નીચે પ્રમાણે વિકેટો લેવામાં આવી છે.

2 6 4 5 0 2 1 3 2 3

આ માહિતીનો બહુલક શોધો.

(A) 2.8 (B) 2.5

(C) 2 (D) 6

**189.** $\frac{1}{2^{-2}}$ = ..........

(A) $2^{-2}$

(B) 1

(C) $\frac{1}{4}$

(D) 4

**190.** $(71)^2$ = ...........

(A) 491

(B) 4901

(C) 541

(D) 5041

**191.** 1331 નું ઘનમૂળ .......... છે.

(A) 13

(B) 17

(C) 11

(D) 19

**192.** બે સંખ્યાઓનો ગુ.સા.અ. 18 અને તેમનો ગુણાકાર 2196 છે, તો આ સંખ્યાઓનો લ.સા.અ. શોધો.

(A) 98

(B) 122

(C) 108

(D) 144

**193.** જો 1400 વિદ્યાર્થીઓ પૈકી 59% છોકરાં હોય તો છોકરીઓની સંખ્યા કેટલી હશે?

(A) 414

(B) 474

(C) 514

(D) 574

**194.** જો 3 વર્ષે, રૂા. 600 વધીને રૂા. 708 થાય તો વાર્ષિક સાદા વ્યાજનો દર કેટલો હશે?

(A) 4%

(B) 5%

(C) 6%

(D) 7%

**195.** રૂા. 1,25,000 નું 4% ચક્રવૃદ્ધિ વ્યાજના દરે 3 વર્ષનું વ્યાજ કેટલું થશે?

(A) 11,608

(B) 12,608

(C) 15,608

(D) 16,608

**196.** એક વસ્તુની કિંમત રૂા. 5000 છે પરંતુ તેનું વેચાણ રૂા. 3500 માં કરવામાં આવે તો કેટલા ટકા નુકસાન થયું કહેવાય?

(A) 5% (B) 10%

(C) 30% (D) 20%

**197.** A, B અને C ભેગા થઈને એક કાર્ય 8 કલાકમાં પૂર્ણ કરે છે. જો A એકલો આ કાર્ય 20 કલાકમાં પૂર્ણ કરતો હોય અને જો B એકલો આ કાર્ય 24 કલાકમાં પૂર્ણ કરતો હોય તો C એકલો આ કાર્ય કેટલા કલાકમાં પૂર્ણ કરી શકશે?

(A) 15 (B) 20

(C) 25 (D) 30

**198.** એક વ્યક્તિ 108 કિમી અંતર 3 કલાકમાં કાપે છે તો તેની ઝડપ ......... છે.

(A) 10 મી./સેકન્ડ (B) 20 મી./સેકન્ડ

(C) 36 મી./સેકન્ડ (D) 30 મી./સેકન્ડ

**199.** એક સુપરફાસ્ટ ટ્રેન પ્રથમ 800 કિમી નું અંતર 6 કલાકમાં કાપે છે અને બીજા 900 કિમીનું અંતર 4 કલાકમાં કાપે છે તો સમગ્ર અંતર દરમ્યાન ટ્રેનની સરાસરી ઝડપ કેટલી હશે?

(A) 170 કિમી/કલાક (B) 180 કિમી/કલાક

(C) 190 કિમી/કલાક (D) 200 કિમી/કલાક

**200.** 40 કિમી નું અંતર કાપવા માટે A, B કરતા 2 કલાક જેટલો વધુ સમય લે છે. જો B ની ઝડપ 80 કિમી/કલાક હોય તો A ની ઝડપ કેટલી હશે?

(A) 12 કિમી/કલાક (B) 14 કિમી/કલાક

(C) 16 કિમી/કલાક (D) 18 કિમી/કલાક

---

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને
પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના
પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.